દાખલ તારીખ : ૨૮/૦૬/૨૦૧૯
નોંધ્યા તારીખ : ૨૮/૦૬/૨૦૧૯
ફેંસલ તારીખ :૧૩/૦૬/૨૦૨૨
સમય ગાળો : વર્ષ: માસ: દિવસ
૦૨ ૧૧ ૧૫

---

**મે.બોડેલીના એડી.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં મુ:બોડેલી.**

---

**સેશન્સ કેસ નં.૨૦/૨૦૨૧**
**સે.કે.નં. જુનો ૩૮/૧૯**
આંક:–

---

**ફરીયાદી:–**

**શ્રી સરકાર**

**વિરૂધ્ધ...**

**આરોપી:–**

**ઈન્દરીયો ઉર્ફે દીનો મગનભાઈ ઉર્ફે મંગલસીગભાઇ રાઠવા**
ઉ.વ.૪૨,ધંધો–મજુરી
રહે:અરીઠા,નવીનગરી પાછળ,તા.સંખેડા,જી.છોટાઉદેપુર
મુળ રહે. કટવાડ,તા.વખતગઢ,જી.અલીરાજપુર (એમ.પી.)

---

ભારતીય દંડ સંહિતા ની કલમ.૩૦૨,૩૨૩,૩૨૫,૫૦૪ મુજબ..

---

---

સરકારશ્રી તરફે : વિ.એ.પી.પી.શ્રી આર.એસ.પરમાર
આરોપી તરફે : વિ.વ.શ્રી વી.જી.જલોદરીયા/ એ.એમ.લાલા

---

## ચુ કા દો.

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એ મુજબની છે કે, તા.૦૭/૦૨/૨૦૧૯ના રોજ રાત્રીના નવેક વાગ્યાના સુમારે ફરીયાદી તથા તેના ઘરના માણસો જમી પરવારી સુઈ ગયેલા રાત્રીના એક વાગ્યાના અરસામા આ કામના આરોપીના ઘર આગળ બુમાબુમ થતા ફરીયાદી ત્યા ગયેલ. ફરીયાદીના મોટા ભાઈ જીગર તથા આરોપીના પત્ની મંગીબેન ઉર્ફે ગીતાબેન વચ્ચે આડા સબંધો હોઈ,નગ્ન અવસ્થામા સુતેલા તા.૦૮/૦૨/૨૦૧૯ના રાત્રીના કલાક ૦૦/૩૦ વાગ્યે આરોપી જોઈ જતા આરોપી એકદમ ગુસ્સામા આવી જઈ ગમે તેવી ગાળો બોલી,વાંસની લાકડીથી ગીતાબેન,જીગર તેમજ પરશુભાઈને માર મારી,તેમજ ફરીયાદીનો મોબઈલ લઈ, બનાવની જાણ થવા દીધેલ નહી.દરમ્યાન મરણજનાર જીગર આરોપીના મારથી વહેલી સવારે ચાર વાગ્યે મરણ ગયેલ હોય, ફરીયાદીએ સંખેડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતાં સંખેડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૦૭/૧૯ થી ઈ.પી.કો કલમ ૩૦૨,૩૨૩,૩૨૫,૫૦૪ મુજબનો ગુન્હો નોંધી જુરરી પોલીસ તપાસ કરતા આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા આરોપી સામે ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે જયુડી.મેજી.ફ.ક.,સંખેડા કોર્ટમાં રજુ કરેલુ,જે ફોજદારી કેસ નં. ૧૫૭/૨૦૧૯થી રજીસ્ટર કરવામાં આવેલો.

(૨) વિધ્વાન જુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,સંખેડા નાઓએ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યા બાદ, આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો સેશન્સ ટ્રાયબલ હોવાથી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ અન્વયે, આ કામ સેશન્સ કોર્ટ, છોટાઉદેપુરને કમીટ કરતા જે, સેશન્સ કેસ કેસ નં.૩૮/૨૦૧૯થી નોંધવામાં આવેલ છે. અને ત્યારબાદ બોડેલી મુકામે કાયમી સેસન્સ કોર્ટની સ્થાપના થતા સદરહુ કેસ નામદાર ડીસ્ટ્રકટ જજ સાહેબના હુકમથી અત્રેની અદાલતમા ટ્રાન્સફર થતા અત્રે સેસન્સ કેસ નં.૨૦/૨૦૨૧થી દાખલ કરી, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) તહોમતદાર સામે પ્રથમદર્શનિય કેસ હોય, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૮ અન્વયે આંક:૦૪થી છોટાઉદેપુર મુકામે બીજા એડી ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબ દવારા તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને તહોમતનામાની વિગતો તહોમતદારને વાંચી સંભળાવી સમજાવતા તહોમતદારે ગુન્હો કર્યાનો ઈન્કાર કરતા તહોમતદારનુ તે મતલબનુ આંક:૦૫થી નિવેદન લેવામાં આવેલ, બાદ આ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી, ફરીયાદપક્ષના સાહેદોનો પુરાવો લેવામાં આવેલ છે.

(૪) આ કામે પ્રોસીક્યુશન તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના સાહેદોની જુબાનીઓ લેવામાં આવેલી છે.

| અ.નં. | નામ | પ્રો.સા.નં. | આંક: |
|---|---|---|---|
| (૧) | પંચ સાહેદ નીલેશકુમાર હસમુખભાઈ તડવી | ૦૧ | ૦૭ |
| (૨) | પંચ સાહેદ વાસુભાઈ હરમાનભાઈ તડવી | ૦૨ | ૦૯ |
| (૩) | પંચસાહેદ કંચનભાઈ જાદવભાઈ વણકર | ૦૩ | ૧૧ |
| (૪) | પંચસાહેદ મેલજીભાઈ ગોવિંદભાઈ તડવી | ૦૪ | ૧૩ |
| (૫) | પંચસાહેદ અર્જુનભાઈ રસીકભાઈ વસાવા | ૦૫ | ૧૫ |
| (૬) | ડો. પતંજલી દ્રીવેદી | ૦૬ | ૧૯ |
| (૭) | સાહેદ રમેશભાઈ ચકાભાઈ દાવર | ૦૭ | ૨૨ |
| (૮) | સાહેદ પરશુભાઈ ગાંગુભાઈ ઉર્ફે રમેશભાઈ રાઠવા | ૦૮ | ૨૩ |
| (૯) | સાહેદ કમલેશભાઈ રમેશભાઈ તડવી | ૦૯ | ૨૪ |
| (૧૦) | સાહેદ ઉષાબેન કમલેશભાઈ તડવી | ૧૦ | ૨૫ |
| (૧૧) | ફરીયાદી પરેશભાઈ ગાંગુભાઈ રાઠવા | ૧૧ | ૨૮ |
| (૧૨) | સાહેદ ગાંગુભાઈ છગનભાઈ રાઠવા | ૧૨ | ૩૦ |
| (૧૩) | સાહેદ બાઈજાબેન ગાંગુભાઈ રાઠવા | ૧૩ | ૩૧ |
| (૧૪) | ત.ક.અ. નીર્મલસીહ ખેંગારસીહ ડાભી | ૧૪ | ૩૩ |

(૫) આ કામે પ્રોસીક્યુશન તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

| અ.નં. | દસ્તાવેજનુ નામ | આંક: |
|---|---|---|
| (૧) | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૦૮ |
| (૨) | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૨ |
| (૩) | મરણજનારના કપડા તથા સેમ્પલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૬ |
| (૪) | આરોપીની શરીરસ્થીતીનુ પંચનામુ | ૧૭ |
| (૫) | પી.એમ. કરી પી.એમ.નોટ આપવા કરેલ યાદી | ૨૦ |
| (૬) | પી.એમ. નોટ | ૨૧ |
| (૭) | ફરીયાદ | ૨૯ |
| (૮) | તપાસ સોપ્યાનો હુકમ | ૩૪ |
| (૯) | ગુનો રજીસ્ટર કરવા કરેલ યાદી | ૩૫ |
| (૧૦) | ઈન્કવેસ્ટ ભરવા કરેલ યાદી | ૩૬ |
| (૧૧) | મરણોત્તર ફોર્મ | ૩૭ |
| (૧૨) | એફ.એસ.એલ.અધીકારીનો અહેવાલ | ૩૮ |
| (૧૩) | મંગીબેનનુ ઈજાનુ પ્રમાપત્ર | ૩૯ |
| (૧૪) | મુદ્દામાલ રવાનગી નોંધ | ૪૦ |
| (૧૫) | મુદ્દામાલ મળ્યાની પહોચ | ૪૧ |

(૬) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ પ્રોસીક્યુશન તરફે આંક:૪૨થી પુરાવા બંધની પુરશીસ રજુ કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે, બાદ આંક:૫ના અનુસંધાનમાં તહોમતદારનુ ક્રિ.પ્રો.કોડની કલમ−૩૧૩ મુજબનુ વધારાનુ નિવેદન લેવામાં આવેલુ છે, જેમાં તહોમતદારે તેમની ઉપર ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૭) આ કામના તહોમતદારે કોઈ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદો તપાસેલા નથી.

(૮) પુરાવો પુરો થયા બાદ, પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રી આર.એસ. પરમારની દલીલો સાંભળવામાં આવેલી છે,જયારે આરોપી તરફે વિધ્વાન એડવોકેટશ્રી વી.જી.જલોદરીયાની દલીલો સાંભળવામાં આવેલી છે.

(૯) આ કામે એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામે આરોપીએ વાંસની લાકડીથી માર મારી મરનારને મારેલા હોવાની ફરીયાદને મેડીકલ પુરાવાથી સમર્થન મળે છે, સાહેદોના પુરાવામાં રહેલો વિરોધાભાસ તપાસ કરનાર અમલદારની જુબાની માંથી પુરવાર થતો હોય,ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આરોપીને દોષિત ઠરાવી સજા કરવા અરજ કરેલી છે.

(૧૦) બચાવપક્ષે વિ.વ.શ્રી વી.જી.જલોદરીયાએ તેમની દલીલમાં જણાવેલ છે કે, હાલના કેસમાં રેકર્ડ ઉપર આવેલો પુરાવો જોઈએ તો, આ કામે આરોપીએ મરનારને લાકડી મારેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી,કે બનાવ બનતાં નજરે જોયાનો ફરીયાદપક્ષનો કેસ નથી. સાહેદોના પુરાવા ઉપરથી આરોપીએ બનાવ સ્થળે લાકડીથી માર મારેલ હોય તેવુ પણ ફરીયાદપક્ષ લેશમાત્ર પુરવાર કરી શકેલ નથી આમ, બનાવ સ્થળે આરોપીની હાજરી હોવાનુ પુરવાર થઈ શકેલ નથી.આ કામે પંચનામા પુરવાર થયેલા નથી. તપાસ કરનાર અમલદારે તપાસની જે હકિકત જણાવેલી છે તેને સાહેદોના પુરાવાથી કોઈ સમર્થન મળેલુ નથી. આમ સમગ્ર રેકર્ડ ઉપર આવેલી હકિકત જોઈએ તો, આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલી છે.

(૧૧) પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો,દસ્તાવેજી પુરાવાનુ રેકર્ડ, તથા જુબાનીઓ વિગેરે જોતાં આ કામે કેસ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ:-</u>**

(૧) શું ફરીયાદપક્ષ એમ નિ:શંકપણે પુરવાર કરે છે કે, મરનાર જીગરભાઈનુ મૃત્યુ એ સદોષ મનુષ્યવધ પ્રકારનુ છે ?

(૨) શું ફરીયાદપક્ષ એવુ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા.૦૭/૦૨/૨૦૧૯ના રોજ રાત્રીના નવેક વાગ્યાના સુમારે ફરીયાદી તથા તેના ઘરના માણસો જમી પરવારી સુઈ ગયેલા રાત્રીના એક વાગ્યાના અરસામા આ કામના આરોપીના ઘર આગળ બુમાબુમ થતા ફરીયાદી ત્યા ગયેલ. ફરીયાદીના મોટા ભાઈ જીગર તથા આરોપીના પત્ની મંગીબેન ઉર્ફે ગીતાબેન વચ્ચે આડા સબંધો હોઈ,નગ્ન અવસ્થામા સુતેલા તા.૦૮/૦૨/૨૦૧૯ના રાત્રીના કલાક ૦૦/૩૦ વાગ્યે આરોપી જોઈ જતા આરોપી એકદમ ગુસ્સામા આવી જઈ ગમે તેવી ગાળો બોલી,વાંસની લાકડીથી ગીતાબેન,જીગર તેમજ પરશુભાઈને માર મારી,તેમજ ફરીયાદીનો મોબઈલ લઈ, બનાવની જાણ થવા દીધેલ નહી.દરમ્યાન મરણજનાર જીગર તમારા મારથી વહેલી સવારે ચાર વાગ્યે મરણ ગયેલ હોય,આરોપીએ ઈ.પી.કોડની કલમ-૩૦૨,૩૨૩,૩૨૫,૫૦૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલો છે ?

(૩) શુ હુકમ ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે પ્રમાણેના છે..

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ..

(૧૩) ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે પ્રમાણે છે.

:: **કા ર ણો** ::

**મુદ્દા નં. ૧ :-**

(૧૪) આ મુદ્દાના અનુસંધાનમાં આ કામે ફરીયાદપક્ષે આંક-૧૯ થી ડો. પતંજલી દ્વીવેદી ની જુબાનીમા તેઓ જણાવે છે કે, હું તારીખ ૦૮/૦૨/૨૦૧૯ ના રોજ સી.એચ.સી. સંખેડા મુકામે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો તે સમયે સંખેડા પોલીસ સ્ટેશન તરફથી મરણજનાર જીગરભાઈ રામજીભાઈ રાઠવા, રહે. ખટવડનાઓની લાશનું પી.એમ. કરવા સારું યાદી સાથે મારી સમક્ષ લાવવામાં અવેલા . જે યાદી સ્વીકારી મે તથા મારી સાથેના પેનલ ડોકટર ધર્મેન્દ્ર પી. ખાંટનાઓએ સ્વીકારીને તેમાં સહી કરેલી.જે યાદી આંક ૨૦થી રજુ છે.

(૧૫) તેઓની લાશ સંખેડાના પી.એસ.આઈ. દ્વારા કલાક ૧૮/૧૬ વાગે લાવવામાં આવેલી. જેનું પી.એમ. ૧૮/૩૦ થી ચાલુ કરેલું અને ૨૦/૧૦ વાગ્યે પૂરુ કરેલું. સદરહું લાશ હિંદુ પુરૂષની હતી. જેની ઉંમર આશરે ૨૫ વર્ષની હતી. તેઓએ બ્રાઉન જેકેટ, શર્ટ જે ક્રીમ કલરનો હતો તે પહેરેલ હતો. તથા નીચેની ભાગે રૂમાલ વીંટેલો હતો. કપડા લોહી અને માટીથી ખરડાયેલા હતા. તેઓની ઓળખ બાબતે નાભીમાં જમણી બાજુએ કાળા કલરનો તલ જોવા મળેલ હતો. શરીર ઠંડું તેમજ મધ્યમ બાંધાનું હતું. શરીરમાં અક્ડાવવાની પ્રક્રિયા પૂરા શરીરમાં જોવા મળેલી. તેમજ શરીરમાં નીચેના ભાગે

પી.એમ. લીવીડ઼ીટીની હાજરી જોવા મળેલી. મો તથા આંખ અર્ધખુલેલું હતું. જીભ મોઢાની અંદર હતી. અને ચહેરા ઉપર લોહી લાગેલ હતું.

**(૧૬)** તેઓને તપાસતા નીચે મુજબની બાહ્ય ઈજાઓ જોવા મળેલી હતી. (૧) માથામાં જમણી બાજુએ સુઝેલો અને ક્પાયેલો ઘા ૧ ઈંચ લાંબો અને ૩ થી ૪ એમ.એમ. પહોળો, અંદર હાડકા સુધી ઘા હતો. જે ત્રાસી દિશામાં જતો હતો.(૨) જમણા પગમાં ઘુંટણના ઉપરના ભાગે હાડકામાં ફ્રેકચર જોવા મળેલ હતું. અને સોજો જોવા મળેલ હતો.(૩) ડાબી બાજુના પગમાં ઘુંટણના નીચેના ભાગે છુંદાયેલાનું નિશાન ૩ થી ૪ એમ.એમ. અંદર સુધીનું જોવા મળેલ હતું. (૪) જમણી બાજુના પગમા ઘુંટણના નીચે એક તૃતીયાંશ છુંદાયેલાનું નિશાન ૩ થી ૪ એમ.એમ. માં જોવા મળેલ હતું. (૫) જમણા ખભાના ભાગે અને પાછળની બાજુએ હાડકા ઉપર સોજો જોવા મળેલ હતો. જે ૩.૫ ઈંચ અને ૨.૫ ઈંચ પહોળો હતો. (૬) લીનીયર કન્ટુઝ એબ્રેઝર એટલે કે એવી વાગેલાની ઈજા જે લાંબી સોડમાં સુઝેલ હોય અને તેની ઉપર ઘસરકાથી ચામડી છોલાઈ ગયેલ હોય તેવી ઈજા જમણા પગના જાંઘના ભાગે અંદરથી બહાર તરફ જતી જોવા મળેલી. જે કુલ ત્રણ ઈજાઓ હતી. જેમાં પહેલી ૧.૫. સે.મી લાંબી અને ૧ સે.મી. પહોળી ઉપરની તરફની હતી. તેના નીચે બીજી ઈજા હતી. જે ૧ ઈંચ લાંબી અને અડધી ઈંચ પહોળી જે ઉપરની ઈજાને અડીને હતી. અને ત્રીજી ૧.૫ સે.મી. લાંબી અને ૦.૫ સે.મી. પહોળી બીજા નંબરની ઈજાને અડીને નીચે આવેલી હતી. (૭) ડાબીજાંઘના પાછળના ભાગે વચ્ચેની બાજુ લીનીયર કન્ટુઝન ઈજા જોવા મળેલી હતી. જેમાં કુલ બે ઈજાઓ હતી. પહેલી ઈજા ૨ ઈંચ લાંબી અને ૦.૫ સે.મી. પહોળી હતી. જે

આડી સ્થિતિમાં હતી. જેના નીચે બીજી ઈજા જે ૧ ઇંચ લાંબી અને ૦.૫ સે.મી. પહોળી જોવા મળેલી હતી. (૮)નાના નાના સોજાના ચિહ્નો જે ૪ થી ૬ મિલીમીટર ડાબા પગની ઢીંચણની ઉપર જોવા મળેલી. (૯) ડાબા હાથ ઉપર સોજો જોવા મળેલો. અને ઘણા બધા ફ્રેકચર જોવા મળેલા. જે ડાબા હાથના પંજાની પાછળની બાજુએ આવેલ ૨જી, ૩જી, ૪થી અને ૫મી આંગળીના હાડકા ઉપર હતા.(૧૦) જમણા હાથની પહેલી આંગળીથી પાછળની બાજુએ સોજો જોવા મળેલ હતો. જે ૨ થી ૩ મિ.લી. જેટલો હતો. (૧૧) પીઠના પાછળના ભાગે વચ્ચેની બાજુ ૮ ઇંચ લાંબો અને ૧ સે.મી. પહોળો લાંબી સુજેલી ઊભી ઈજા જોવા મળેલી.

**(૧૭)** તેઓની આંતરિક ચકાસણી કરતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી. ૧. માથામાં ખોપરીના ભાગે ખોલીને જોતાં (હેમોટોમો) લોહીનો ભરાવો ૩.૫ ઇંચ * ૨ ઇંચ ઉપરોકત જણાવેલ ઈજા નં.૧ માં નીચેના ભાગે જોવા મળેલ હતી.૨.ઉપરોક્ત ઈજા નં.૧ ની નીચેનું હાડકું ફ્રેકચર જોવા મળેલ હતું. તે ફ્રેકચરની સાઈજ આશરે ૨ સે.મી. આડું જોવા મળેલું. ૩.ઉપરોક્ત ઈજા નં. ૨ ના નીચેના ભાગે મગજમાં સોજો જોવા મળેલો અને લોહી જામેલું જોવા મળેલું.

**(૧૮)** તે સિવાય બીજી કોઈ આંતરિક ઈજાઓ જોવા મળેલી ન હતી. મે પી.એમ. દરમ્યાન મરણજનારનું ૧૦ એમ.એલ. જેટલું લોહી લઈ, સીલપેક કરી પોલીસને આપેલું હતું. મારા જણાવ્યા પ્રમાણે મરણજનારનું મૃત્યુ માથામાં થયેલ ઈજાઓથી મગજમાં થયેલ ઈજાના કારણે થયેલ છે. જે બાબતની પી.એમ. નોટમાં મે તથા મારી સાથેની પેનલ ડોકટરે તૈયાર કરેલી. જેમાં મારી

તથા મારી સાથેના પેનલ ડોકટરની તેમાં સહી છે. જે યાદી આંક ૨૧થી રજુ છે.

**(૧૯)** મરણજનારને થયેલી ઈજાઓ ધાર વગરના લાંબા અને સખત હથીયારથી મારવામાં આવે તો થઈ શકે તેવા પ્રકારની છે.આ ઈજા લાકડીના વાંસના ડંડાથી માથામાં મારવામાં આવે તો થઈ શકે. મને આજરોજ કોર્ટ રૂબરૂ મુદ્દામાલમાંથી આર્ટીકલ–જી ખોલીને બતાવતા તેમાંથી વાંસની લાકડી નીકળેલ છે. તે જોઈને કહું છું જો તે જોરથી મારવામાં આવે તો મરણજનારને થયેલી ઈજાઓ થઈ શકે.

**(૨૦)** આમ ,મેડીકલ ઓફિસરની આ જુબાની જોતાં તેમજ આંક:૨૧થી રજુ કરેલ પોસ્ટ મોર્ટમ રીપોર્ટ તથા ડોકટરશ્રીએ પી.એમ.રીપોર્ટમા મરણજનારના મૃત્યુ માટેનુ કારણ ધ્યાને લેતા મરનારનુ મૃત્યુ સદોષમનુષ્ય વધ હોવાનુ ફરીયાદપક્ષે પુરવાર કરી શકેલ હોય, હુ મુદ્દા નં.૧નો જવાબ 'હકારમાં' આપુ છુ.

**(૨૧)** **<u>મુદ્દા નં.૨ :–</u>**

**ફરીયાદી તથા સાહેદોનો પુરાવો:–**

આ કામે ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષે સાહેદનં.૧થી પંચસાહેદ નીલેશકુમાર હસમુખભાઈ તડવીની આંક ૭થી તથા ફરીયાદપક્ષે સાહેદનં.૨ થી પંચસાહેદ વાસુભાઈ હરમાનભાઈ તડવીની જુબાનીઓ થયેલ છે. જેઓ આંક ૮થી રજુ ગુનાવાળી જગ્યાના પંચસાહેદો છે.તેઓએ માત્ર પોલીસે તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલ હોવાનુ જણાવેલ છે,તેવો પુરાવો જણાવી પંચનામાની હકિકતે કોઈ સમર્થન કરેલ ન હોય તેમને ફરીગયેલા જાહેર કરેલા છે પંચનામા સબંધે વિગતવારની ઉલટ તપાસ કરેલ છે તેમાંથી આંક:૮ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર થઈ શકેલ નથી.

**(૨૨)** ફરીયાદપક્ષે સાહેદનં.૩થી પંચસાહેદ કંચનભાઈ જાદવભાઈ વણકરની

આંક ૧૧થી તથા ફરીયાદપક્ષે સાહેદનં.૪ થી પંચસાહેદ મેલજીભાઈ ગોવિંદભાઈ તડવીની જુબાનીઓ થયેલ છે. જેઓ આંક ૧૨થી રજુ ઈન્વેસ્ટ પંચનામાના પંચસાહેદો છે.તેઓએ માત્ર પોલીસે તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલ હોવાનુ જણાવેલ છે,તેવો પુરાવો જણાવી પંચનામાની હકિકતે કોઈ સમર્થન કરેલ ન હોય તેમને ફરીગયેલા જાહેર કરેલા છે પંચનામા સબંધે વિગતવારની ઉલટ તપાસ કરેલ છે તેમાંથી આંક:૧૨ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ પુરવાર થઈ શકેલ નથી.

**(૨૩)** ફરીયાદપક્ષે સાહેદનં. ૫ થી પંચસાહેદ અર્જુનભાઈ રસીકભાઈ વસાવાની આંક ૧૫થી જુબાની થયેલ છે.જેઓ આંક ૧૭થી રજુ આરોપીની શરીરસ્થીતીનુ પંચનામાના પંચસાહેદ છે.તેઓએ માત્ર પોલીસે તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલ હોવાનુ જણાવેલ છે,તેવો પુરાવો જણાવી પંચનામાની હકિકતે કોઈ સમર્થન કરેલ ન હોય તેમને ફરીગયેલા જાહેર કરેલા છે પંચનામા સબંધે વિગતવારની ઉલટ તપાસ કરેલ છે તેમાંથી આંક:૧૭ વાળુ આરોપીની શરીરસ્થીતીનુ પંચનામુ પુરવાર થઈ શકેલ નથી.

**(૨૪)** ફરીયાદપક્ષે સાહેદનં. ૭થી સાહેદ રમેશભાઈ ચકાભાઈ દાવરની જુબાની થયેલ છે. જેમા તેઓ જણાવે છે કે, જીગરભાઈ ગાંગુભાઈ અમારા ગામનો ચોકીદારનો છોકરો છે. તેઓ બનાવમાં અવસાન પામેલા છે. તેઓ દોઢેક વર્ષ ઉપર અવસાન પામેલા છે. હું કટવાડ ગામે ગામડામાં રહું છું. તેમજ જીગરભાઈ અરીઠા મુકામે ગુજરાતમાં મજૂરી કરતા હતા અને ત્યાં રહેતા હતા. બનાવ વખતે હું મારા ઘરે હતો. તે વખતે અમારા ગામના સરપંચ ઉપર ઈન્દરીયાનો ફોન અવેલ અને તેને જણાવેલ કે, જીગરને ઈન્દરીયાએ એટલે મે મારી નાંખેલો. ત્યારબાદ જીગરમાં પિતા ગાંગુભાઈ અમારા ગામમાં આવી બનાવની જાણ કરેલી. અને ત્યારબાદ અમો પીકઅપ ગાડી કરી, અરીઠા મુકામે આવેલા ત્યાં

જીગર નહી મળતા. ત્યાંથી સીધા સંખેડા દવાખાને ગયેલા અને ત્યાં આવીને જોયું તો જીગરભાઈ અવસાન પામેલા હતા. ત્યારબાદ પી.એમ. થતા તેઓને અમારા ગામે લઈ ગયેલા. અને પોલીસે અમોને સંખેડા પોલીસ સ્ટેશને લઈ ગયેલી. જ્યાં અમારી સહી કરાવેલી. પોલીસે મારો બનાવ સંબંધી જવાબ લીધેલો. આરોપીને હું ઓળખું છું જે આજરોજ કોર્ટમાં હાજર છે જે તેઓ જ છે. જીગરને શા કારણે મારી નાંખ્યો ? તેની મને ખબર નથી. આમ સદરહુ સાહેદનો પુરાવો ધ્યાને લેતા સદરહુ સાહેદે બનાવ નજરે જોયેલ નથી.

(૨૫) ફરીયાદપક્ષે સાહેદનં. ૮ આંક ૨૩થી સાહેદ પરશુભાઈ ગાંગુભાઈ ઉર્ફે રમેશભાઈ રાઠવાની જુબાની થયેલ છે.જેમા તેઓ જણાવે છે કે, મરણજનાર જીગરભાઈ ગાંગુભાઈ મારો ભાઈ થાય છે. બનાવ સમયે અમો અરીઠા મુકામે રહેતા હતા. બનાવ રાત્રિના ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યાના સુમારે બનેલો . તે સમયે અમો સુતેલા હતા. તે વખતે રડવાનો અવાજ સાંભળીને હું જાગી ગયેલો. મને બનાવની ખબર પડેલી. બનાવમાં મારા ભાઈ જીગરને માથાના ભાગે ઈન્દરીયાએ લાકડી મારેલી હતી. જેથી તેઓ અવસાન પામેલા. મારા ભાઈને કેમ મારેલું ? તેનું કારણ મને ખબર નથી. બનાવ સંબંધી પોલીસે મારો જવાબ લીધેલો . આરોપીને હું ઓળખું છું જે આજરોજ કોર્ટમાં હાજર છે જે તેઓ જ છે. સદરહુ સાહેદે તેઓની ઉલટતપાસમા તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવ રાત્રીના બનેલ,બનાવવાળી જગ્યાએ લાઈટ ન હતી.તેમજ તેઓ બનાવ બન્યા પછી બનાવવાળી જગ્યાએ પહોચેલા.સાહેદ સરતપાસમા જણાવેલી હકીકતોને ઉલટતપાસમા વળગી રહેલ નથી.

(૨૬) ફરીયાદપક્ષે સાહેદનં. ૯ આંક ૨૪થી સાહેદ કમલેશભાઈ રમેશભાઈ

તડવીની જુબાની થયેલ છે.જેમા તેઓ જણાવે છે કે, બનાવ આજથી બે–એક વર્ષ ઉપર રાત્રિના ૧૨/૦૦ વાગ્યા ના અરસામાં બનેલો. બનાવના દિવસે હું જમીને સૂઈ ગયેલો. અને રાત્રિના બારેક વાગ્યે બુમાબુમ થતાં હું જાગી ગયેલો અને બહાર આવીને જોયું તો બનાવ બનેલો . અમારી બાજુમાં આવેલા તે છોકરાને માથામાં મારેલ હતું. તથા એ સ્ત્રીને હાથમાં અને પગમાં વાગેલ હતું. તે છોકરો મરી ગયેલો હતો. તેને અારોપી ઈન્દરીયાએ માર મારેલો હતો. બનાવ બનવાનું કારણ એ છે કે, મરણજનાર અારોપી ઈન્દરીયાની પત્ની સાથે પકડાઈ ગયેલો . પોલીસે બનાવ સંબંધી મારો જવાબ લીધેલો . અારોપીને હું ઓળખું જે આજરોજ કોર્ટ માં હાજર છે જે તેઓ છે. સદરહુ સાહેદે તેઓની ઉલટતપાસમા તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવમા શુ બનેલ તેની તેઓને ખબર નથી તથા પોલીસે તેઓ પાસે આવી માત્ર તેઓનુ નામઠામ પુછેલ તથા પોલીસને તેઓ લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી.આમ સાહેદ સરતપાસમા જણાવેલી હકીકતોને ઉલટતપાસમા વળગી રહેલ નથી.

(૨૭) ફરીયાદપક્ષે સાહેદનં. ૧૦ આંક ૨૫થી સાહેદ ઉષાબેન કમલેશભાઈ તડવીની જુબાની થયેલ છે.જેમા તેઓ જણાવે છે કે, બનાવ આજથી બે–એક વર્ષ ઉપર રાત્રિના ૧૨/૦૦ વાગ્યાના અરસામાં બનેલો . બનાવના દિવસે હું તથા મારા પતિ જમીને સૂઈ ગયેલા. અને રાત્રિના બારેક વાગ્યે બુમાબુમ થતાં મારા પતિ જાગી ગયેલા અને મે તથા મારા પતિએ બહાર આવીને જોયું તો બનાવ બનેલો . અમારી બાજુમાં આવેલા તે છોકરાને માથામાં મારેલ હતું. તથા એ સ્ત્રીને હાથમાં અને પગમાં વાગેલ હતું. તે છોકરો મરી ગયેલો હતો. તેને અારોપી ઈન્દરીયાએ માર મારેલો હતો. બનાવ બનવાનું કારણ એ છે કે, મરણજનાર અારોપી ઈન્દરીયાની પત્ની સાથે પકડાઈ ગયેલો. પોલીસે બનાવ સંબંધી મારો જવાબ લીધેલો . અારોપીને હું

ઓળખું જે આજરોજ કોર્ટમાં હાજર છે જે તેઓ છે. સદરહુ સાહેદે તેઓની ઉલટતપાસમા તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલ તથા બનાવનુ કારણ તેઓને ખબર નથી તેમજ પોલીસે માત્ર તેઓનુ નામઠામ પુછેલ તેઓ લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી.આમ સાહેદ સરતપાસમા જણાવેલી હકીકતોને ઉલટતપાસમા વળગી રહેલ નથી.

(૨૮) ફરીયાદપક્ષે સાહેદનં. ૧૧ આંક ૨૮થી ફરીયાદી પરેશભાઈ ગાંગુભાઈ રાઠવાની જુબાની થયેલ છે.જેમા તેઓ જણાવે છે કે, બનાવ આજથી ૨ વર્ષ ઉપર બનેલો. હું, મારા માતા–પિતા, મારો મોટો ભાઈ જીગર તથા પરેશભાઈ વિગેરેનાઓ સંખેડા મુકામે આવેલ અરીઠા ગામે મજૂરી કામે આવેલા . અને રાતે જમી પરીવારીને અમે સૂતેલા હતા. રાત્રે બારેક વાગ્યે બુમાબુમ થતાં અમે જાગી ગયેલા અને બહાર નીકળીને જોયું તો મારો ભાઈ મરણ ગયેલ હાલતમાં પડેલ હતો. ત્યાં ટોળું થઈ ગયેલ હતું. જેથી મે સંખેડા પોલીસ સ્ટેશનમા જાણ કરતા પોલીસવાળા ગામે આવેલા . જ્યાં પોલીસે મારી પૂછપરછ કરીને લખી લીધેલ અને મને અંગુઠો કરવાનું કહેતા મે અંગુઠો કરેલો. મને નિશાની ક/૩ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું જેમાં મારા ડાબા હાથના અંગુઠાનું નિશાન છે. જેને રજૂ દાખલ અંક–૨૯ આપવામાં આવે છે. મારી હાજરીમા અરોપીએ મારા ભાઈ જીગરને મારેલ હોય, તેમજ હું વચ્ચે બચાવવા પડેલ હોય તેવું બનેલ નથી . સદરહુ ફરીયાદી ફરીયાદની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વીગતવારની તેઓની ઉલટતપાસ લેવા છતા તેઓ ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. આમ ફરીયાદપક્ષના કેસને ખુદ ફરીયાદીનુ સમર્થન પણ મળેલ નથી.

(૨૯) ફરીયાદપક્ષે સાહેદનં. ૧૨ આંક ૩૦થી સાહેદ ગાંગુભાઈ છગનભાઈ રાઠવાની જુબાની થયેલ છે.જેમા તેઓ જણાવે છે કે, બનાવ આજથી ૨ વર્ષ ઉપર બનેલો.

હું, મારી પત્ની તેમજ મારા છોકરો પરેશ, જીગર અને પરશુ વિગેરેનાઓ સંખેડા મુકામે આવેલ અરીઠા ગામે મજૂરી કામે આવેલા. અને રાતે જમી પરીવારીને અમે સૂતેલા હતા. રાત્રે બારેક વાગ્યે બુમાબુમ થતાં અમે જાગી ગયેલા અને બહાર નીકળીને જોયું તો મારો પુત્ર જીગર મરણ ગયેલ હાલતમાં પડેલ હતો. ત્યાં ટોળું થઈ ગયેલ હતું. મારી હાજરીમા આરોપીએ મારા પુત્ર જીગરને મારેલ હોય, તેમજ હું વચ્ચે બચાવવા પડેલ હોય તેવું બનેલ નથી. સદરહુ સાહેદ તેઓની જુબાનીમા ફરીયાદપક્ષના કેસને સમર્થન ન કરતા હોય, વિ.એ.પી.પી.શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરી, વિગતવારની ઉલટતપાસ લેવા છતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.

**(૩૦)** ફરીયાદપક્ષે સાહેદનં. ૧૩ આંક ૩૧ થી સાહેદ બાઈજાબેન ગાંગુભાઈ રાઠવાનાઓની જુબાની થયેલ છે.જેમા તેઓ જણાવે છે કે, બનાવ આજથી ૨ વર્ષ ઉપર બનેલો. હું, મારા પતિ તેમજ મારા છોકરો પરેશ, જીગર અને પરશુ વિગેરેનાઓ સંખેડા મુકામે આવેલ અરીઠા ગામે મજૂરી કામે આવેલા. અને રાતે જમી પરીવારીને અમે સૂતેલા હતા. રાત્રે બારેક વાગ્યે બુમાબુમ થતાં અમે જાગી ગયેલા અને બહાર નીકળીને જોયું તો મારો પુત્ર જીગર મરણ ગયેલ હાલતમાં પડેલ હતો. ત્યાં ટોળું થઈ ગયેલ હતું. મારી હાજરીમા આરોપીએ મારા પુત્ર જીગરને મારેલ હોય, તેમજ હું વચ્ચે બચાવવા પડેલ હોય તેવું બનેલ નથી. સદરહુ સાહેદ તેઓની જુબાનીમા ફરીયાદપક્ષના કેસને સમર્થન ન કરતા હોય, વિ.એ.પી.પી.શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરી, વિગતવારની ઉલટતપાસ લેવા છતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.

**(૩૧)** ફરીયાદપક્ષે સાહેદનં. ૧૪ આંક ૩૩ થી ત.ક.અ. નીર્મલસીહ ખેંગારસીહ ડાભીનાઓની જુબાની થયેલ છે.જેમા તેઓ જણાવે છે કે, હું સને ૨૦૧૯ ની સાલમાં સંખેડા પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ. તરીકેની ફરજ બજાવતો હતો. મારી અગાઉ વી.એસ.ગાવીત પી.એસ.આઈ. તરીકેની ફરજ બજાવતા હતા. જેઓએ હાલના ગુનાની તપાસ કરેલી. તેઓની બદલી થતાં તપાસ મે સંભાળેલી. અને અગાઉની તપાસના તમામ કેસ પેપરો

મેળવેલા. જેમાં તપાસ સોંપ્યાનો હુકમ, જે નિશાની ૬/૧ થી રજૂ છે. જેમાં પી.એસ .ઓ.ની સહી છે. જે હું ઓળખું છું. જેને રજૂ દાખલ અંક–૩૪ આપવામાં આવે છે. તથા ગાવીત સાહેબે પોતાની રૂબરૂની ફરિયાદ લઈ ગુનો રજીસ્ટર કરવા માટે યાદી કરેલી. જે યાદી નિશાની ૬/૨ થી રજૂ છે. જેને રજૂ દાખલ અંક–૩૫ આપવામાં આવે છે. ફરિયાદ અંક–૨૯ થી રજૂ છે. અમારા પી.એસ .ઓ. લાશનું ઈન્કવેસ્ટ ભરવા સારુ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને યાદી કરેલી. જે યાદી નિશાની ૬/૭ થી રજૂ છે. જેમાં અમારા પી.એસ.ઓ.ની સહી છે. જે હું ઓળખું છું. જેને રજૂ દાખલ અંક–૩૬ આપવામાં આવે છે. ઈન્કવેસ્ટ પંચનામું અંક–૧૨ થી રજૂ છે. તથા તેઓએ મરણોત્તર ફોર્મ તૈયાર કરેલ . જે નિશાની ૬/૬ થી રજૂ છે. જેને રજૂ દાખલ અંક–૩૭ આપવામાં આવે છે. પી.એમ. નોટ તથા તમામ કેસ પેપરો મે મેળવેલા . તેનો અભ્યાસ કર્યા બાદ આગળની તપાસ મે ચાલું કરેલી. મે તપાસ સંભાળ્યા બાદ મરણજનારનું લાશનું પી.એમ. થયા બાદ, લાશ પરના કપડા અ.હે.કો. કનુભાઈ મગનભાઈ, બકલ નં. ૩૫૩ નાઓ લાવી રજૂ કરતા હોય, બે પંચો બોલાવી, પંચનામાની વિગતે કપડા કબજે કરેલા. નીચે બે પંચોની સહીઓ લીધેલી તથા રૂબરૂ તરીકે મે સહી કરેલી. મને અંક–૧૬ વાળું પંચનામું બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું જે તે જ છે. ત્યારબાદ આરોપી મળી આવતા તેઓને બનાવ બાબતે વાપરેલ હથીયાર અંગે પૂછપરછ કરતા તેઓ બતાવવા સંમત હોય, બે પંચો બોલાવી આરોપીનું શરીરસ્થિતિનું પંચનામું કરેલ તથા બનાવ વખતે પહેરેલા કપડા અને બનાવમાં વાપરેલ વાંસની ગેંડી રજૂ કરતા હોય, પંચનામાની વિગતે કબજે કરી, નીચે બંને પંચોની સહીઓ લીધેલી તથા રૂબરૂ તરીકે મે મારી સહી કરેલી. મને અંક–૧૭ વાળું પંચનામું બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું જે તે જ છે. ત્યારબાદ આરોપી ગુનાવાળી જગ્યા બતાવવા માંગતો હોય, બે પંચો બોલાવી, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું. અને નીચે બંને પંચોની સહીઓ લીધેલી તથા રૂબરૂ તરીકે મે મારી સહી કરેલી. જે પંચનામું અંક–૮ થી રજૂ છે જે તે જ છે. મે તપાસ દરમિયાન ગુનાવાળી જગ્યાનું સ્થળ પરીક્ષણ કરવા સારુ એફ.એસ.એલ. અધિકારીને બોલાવેલા. તેઓએ તપાસણી કરીને સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલો. જે મેળવીને તપાસના કામે સામેલ રાખેલો. મને નિશાની

૬/૧૨ વાળો અહેવાલ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું જે તે જ છે. જેને રજૂ દાખલ અંક–૩૮ આપવામાં આવે છે. મે તપાસ દરમિયાન સાહેદ મંગીબેનનાઓને ઈજા થયેલ હોય, તેઓની શારીરિક ચકાસણી કરાવી તેના સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે સર્ટીફીકેટ નિશાની ૬/૧૩ થી રજૂ છે. જે તે જ છે. જેને રજૂ દાખલ અંક–૩૯ આપવામાં આવે છે. તપાસ દરમિયાન કબજે કરેલ તમામ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા સારું રવાનગી નોંધ તૈયાર કરેલી, જે રવાનગી નોંધ નિશાની ૬/૧૪ થી રજૂ છે. જેને રજૂ દાખલ અંક–૪૦ આપવામાં આવે છે. મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યા બાબતની તેઓએ સ્વીકારેલાની પાવતી આપેલી, જે મેળવીને તપાસના કામે સામેલ રાખેલી. મને નિશાની ૬/૧૫ વાળી પાવતી બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું. જે તે જ છે. જેને રજૂ દાખલ અંક–૪૧ આપવામાં આવે છે. મુદ્દામાલ પરીક્ષણ થઈ જતાં એફ.એસ.એલ.માંથી ફોરવર્ડીંગ લેટર સાથે એફ.એસ.એલ. તથા સીરોલોજીકલ રીપોર્ટ અમોને મોકલતા અમોએ નામદાર કોર્ટમાં મોકલી આપેલ. મને કોર્ટ પેપર્સમાંથી ફોરવર્ડીંગ લેટર તથા એફ.એસ.એલ. તથા સીરોલોજીકલ રીપોર્ટ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું. જે તે જ છે. જેને સંયુક્ત રજૂ દાખલ અંક–૪૨ આપવામાં આવે છે.

(૩૨) મે મારી તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, તમામ કેસ પેપરોનો અભ્યાસ કરીને આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલ, આરોપીને હું ઓળખું છું. જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે. જે તેઓ જ છે.આમ સદરહુ ત.ક.અ.ની જુબાની ધ્યાને લેતા તેઓએ પોતાની ફરજના ભાગરુપે કાર્યવાહી કરેલ હોવાનુ પ્રસ્થાપીત થાય છે.

(૩૩) આ તપાસ અધિકારીને બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં પણ તેમને કરેલી તપાસની કાર્યવાહીને વળગી રહેલા છે અને ઈન્કારરુપી જવાબો આપેલા છે.આમ તેઓએ પોતાના ફરજના ભાગરુપે જે જે કાર્યવાહીઓ કરેલી તે જણાવેલી છે.

**(૩૪)** આમ, ફરીયાદપક્ષે તપાસેલા ઉપરોકત તમામ સાહેદોની જુબાનીઓ જોઈએ તો,અગાઉ ચર્ચા કર્યા મુજબ મેડીકલ ઓફિસરનો પુરાવો ધ્યાને લેતાં તેમની બચાવપક્ષે કરેલી ઉલટ તપાસ દરમ્યાન પણ મરનારને લાકડીથી જીવલેણ ઈજાઓ થયેલ હોવાની હકિકત રેકર્ડ ઉપર આવેલ છે. ડો. સાહેદનો પુરાવો તથા સાહેદોના પુરાવાના ધ્યાને લેતાં મરનાર જીગરભાઈનુ મોત એ સદોષ મનુષ્યવધ હોવાનુ પુરવાર થયેલ છે.

**(૩૫)** પરંતુ રેકર્ડ ઉપરનો ઉપરોકત મુજબનો ફરીયાદી અને સાહેદોનો પુરાવો જોઈએ તો, હાલના કામે મરણજનાર જીગરભાઈને આરોપી દવારા લાકડીથી માર મારવા અંગેનો બનાવ કોઈએ બનાવ નજરે જોયેલ હોય તેવો લેશમાત્ર પુરાવો સાહેદોએ જણાવેલ નથી કે આ કામે ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(૩૬)** અગાઉ ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષે જે સાહેદોના પુરાવા ઉપર આધાર રાખેલ છે, નજરે જોનાર સાહેદો તથા ફરીયાદી દવારા હાલના આરોપીએ મરણજનારને લાકડીથી માર મારી,મોત નીપજાવેલ હોય તેવો પુરાવો આપેલ નથી. જેથી આ મહત્વની હકિકત પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ હાલનો બનાવ બનતાં કોણે નજરો નજર જોયેલ હતો અને તેને આ હકિકત જણાવેલ હતી, તેવો કર્ણોપકર્ણ પુરાવો પણ તપાસાયેલ કોઈપણ સાહેદે જણાવેલ નથી, જેથી સાહેદોનો પુરાવો બીલકુલ શંકાસ્પદ જણાય છે. **ખુદ ફરીયાદીએ** પણ તેમના પુરાવામાં તેમને નોંધાવેલી ફરીયાદના સમર્થનમા જુબાની આપેલ નથી જેથી તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરીગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદને સમર્થન કરેલ નથી.આમ ફરીયાદીની ફરીયાદ પુરવાર થયેલ નથી. વધુમાં તપાસનીશ અધિકારીના પુરાવા ઉપરથી પણ તે બાબતે કોઈ યોગ્ય ખુલાસા સહીતનો પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી. સાહેદોના પુરાવાથી તપાસ અધિકારીએ કરેલી હાલના ગુનાની તપાસ સંદર્ભે જણાવેલા પુરાવાને કોઈ સમર્થન

મળેલુ ન હોય, આમ આરોપી સામનો કેસ પુરવાર થઈ શકેલ ન હોય, તેને દોષિત ઠરાવી શકાય તેમ નથી.વધુમા પંચ સાહેદોએ પંચનામા ઓને સમર્થન કરેલુ નથી. પંચનામાઓ પણ પુરવાર થયેલા નથી.

**(૩૬)** આમ, આ ઉપરોકત તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા આરોપીએ જ મરનાર જીગરભાઈને લાકડીના ફટકા મારી ગંભીર પ્રકારની ઈજાઓ પંહોચાડી તેમનુ મોત નીપજાવેલુ તેવુ બનાવ નજરે જોનાર સાહેદોના દાર્શનિક પુરાવાઓના અભાવે તેમજ બનાવના સ્થળે બનાવ બાદ આરોપી લાકડી સાથે હાજર હતા અને તેમને જોયેલ હતા તેવુ પુરવાર થયેલુ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનુ તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૩૭)** ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અને નામદાર સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં, તહોમતદાર વિરુધ્ધ આક્ષેપીત ગુનો વ્યાજબી શંકાથી પર અને નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. અને પોતાનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ સબળ પુરાવો રજુ કરવાનો રહે છે અન્યથા તહોમતદાર તેનો લાભ મેળવવા હકકદાર બને છે.જેથી હુ મુદ્દા નં. ૨ નો જવાબ 'નકાર'માં આપુ છુ. અને મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**:: હુકમ ::**

(૧) તહોમતદાર ઈન્દરીયો ઉર્ફે દીનો મગનભાઈ ઉર્ફે મંગલસીંગભાઇ રાઠવા ઉ.વ.૪૨,ધંધો-મજુરી,રહે:અરીઠા,નવીનગરી પાછળ,તા.સંખેડા,જી.છોટાઉદેપુર મુળ રહે. કટવાડ,તા.વખતગઢ,જી.અલીરાજપુર (એમ.પી.) વાળાને, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫ (૧) અન્વયે,સંખેડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૭/૧૯થી ઈ.પી.કોડની કલમ-૩૦૨,૩૨૩,૩૨૫,૫૦૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના માંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે તપાસ અર્થે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) જો ફરીયાદપક્ષ તરફથી કોઈ અપિલ કરવામાં આવે તો, અપિલ અદાલતમાં હાજર રહેવા માટે તહોમતદારે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ)અન્વયે, રુા.૫૦૦૦/–(અંકે રુપિયા પાંચ હજાર)પુરાના સધ્ધર જામીન તથા તેટલીજ રકમનો જાતમુચરકો કરી આપવો.

(૪) તહોમતદાર જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ તેઓની અન્ય કોઈ ગુન્હાના કામે જરુરીયાત ન હોય તો તાત્કાલીક જેલમુકત કરવા.

આ હુકમ આજ રોજ તા:૧૩મી માહે:–જુન,સને:૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા. ૧૩/૦૬/૨૦૨૨
સ્થળ. બોડેલી

**(જયેશકુમાર ઠાકોરલાલ શાહ)**
એડી.સેશન્સ જજ, બોડેલી
જી.જે.૦૦૫૦૬